
ગાંધીનગર સમાચાર



# પનઘટના ૨૧ કલાકારોએ વિવિધ ૩ ગરબા રજુ કર્યા

## ગાંધીનગરના કલાકારોએ ફુલોની માંડવડી, ઘડા અને જાગ સાથે ગરબાની અનોખી પ્રસ્તુતિ કરી સૌના દીલ જીતી લીધા





ગાંધીનગર તા૧૯
કચ્છના ઘોરડોમાં ડી જી પી કોન્ફરન્સના પ્રારંભે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગાંધીનગર પનઘટ કલા કેન્દ્રના કલાકારોએ અદભૂત કલાકૃતિ રજુ કરીને પ્રધાનમંત્રીને દંગ કરી દીધા હતા. કચ્છના સફેદ રણમાં પનઘટના ૨૧ કલાકારોએ ફુલાની માંડવડી, ઘડા અને જાગ સાથે ગરબાની પ્રસ્તુતિ કરી સૌના દીલ જીતી લીધા હતા. માં એ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં ગરબાની કલાત્મક પ્રસ્તુતિથી ગૃપના કલાકારોને મહાનુભાવોએ બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતના ૯૫ કલાકારોએ વિવિધ ૭ નૃત્યો રજુ કર્યા હતા.

કચ્છના ઘોરડામાં ડી જી પી કોન્ફરન્સના પ્રારંભે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતના કલાકારોએ કલાત્મક નૃત્યો રજુ કરીને શ્રોતાઓને દંગ કરી દીધા હતા. ગુજરાતના ૯૫ જેટલા કલાકારોએ ગરબો, કચ્છી ગીત, ડાંગી નૃત્ય, મણિયારો મિશ્ર રાસ, ગુજરાત ગાથા ગીત તેમજ ગ્રાન્ડ ફીનાલે રજુ કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગરના પનઘટ કલા કેન્દ્રના ૨૧ કલાકારોએ પણ ગરબો રજુ કર્યો હતો. રાજયકક્ષાએ વિજેતા બનેલા પનઘટ કલા કેન્દ્રના કલાકારોએ ગ્રૃપ સંચાલક અને જાણીતા કોરીયોગ્રાફર ભાવિન પટેલના માર્ગદર્શન હેઠળ ગરબો રજુ કર્યો હતો. ફુલોની માંડવડી ઘડા અને જાગ સાથે માં એ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રજુ કરી શ્રોતાઓના દીલ જીતી લીધા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ તેમજ કેન્દ્રીય મંત્રી કીરણ રિજ્જુ પણ ગરબો નિહાળી દંગ રહી ગયા હતા. રાજય કક્ષાએ વિજેતા થયેલા

● અનુસંધાન પાન-૭ પર

# શહેર ઠંડુગાર બન્યુ : પારો ૭.૫

ગાંધીનગર, તા. ૨૦
આક્રમક ઠંડીનો બીજો રાઉન્ડ શનિવારથી જ શરૂ થઈ ચુક્યો છે. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ જ કોલ્ડવેવનો બીજો તબક્કો શરૂ થઈ જતાં જનજીવન સુમસામ બન્યું છે. આકરી ઠંડીમાં ઘરની બહાર નીકળવાના સ્થાને વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહેવાનું વધુ પસંદ કરે છે. આજે લઘુત્તમ તાપમાન ૭.૫ ડિ.સે. નોંધાયું હતું.

## કોલ્ડવેવનો બીજો રાઉન્ડ શરૂ થતા વસાહતીઓને ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડી : જનજીવન સુમસામ બન્યુ

ડિસેમ્બર માસના બીજા પખવાડિયામાં ઠંડીના આક્રમક મુડનો પરિચય થઈ રહ્યો છે. કોલ્ડવેવની અસર હેઠળ આવેલા પાટનગરમાં આક્રમક ઠંડીએ જનજીવન પર ઘેરી અસર પહોંચાડી છે. બે દિવસ પહેલા ઠંડીમાં થોડીક રાહત મળી હતી. પરંતુ તે રાહત એકાદ-બે દિવસ પુરતી જ રહી હતી. શનિવારથી કોલ્ડવેવનો બીજો તબક્કો શરૂ થતા વસાહતીઓને ઘરમાં જ પુરાઈ રહેવાની ફરજ પડી હતી. અનિવાર્ય સંજોગોમાં જો ઘરની બહાર નીકળવુ જ પડે તેવુ હોય તેવા રાહદારીઓ અને દ્વિચક્રી વાહનચાલકો આક્રમક ઠંડીનો સામનો કરવા પૂર્ણપણે સજ્જ બન્યા હતા. સ્વેટર, શાલ, જેકેટથી લઈને હાથમોજા કાનટોપી પહેરી મોઢે રૂમાલ બાંધી ઠંડીથી બચવાનો સૌ કોઈ પ્રયાસ કરતાં નજરે ચઢતા હતા. રાત્રીના સમયે તાપણું કરીને પણ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

# નવા નેતાની પસંદગી માટે મોડી રાત્રે સભ્યોનું મતદાન

## ગાંધીનગર ખાતે તાબડતોબ કોંગ્રેસ પક્ષના ચુંટાયેલા સભ્યોની બેઠક બોલાવાઈ : જિલ્લા પંચાયતના નેતા માટે મતદાન કરાવાયું આજે બપોરે પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ઉમેદવારીપત્ર ભરાશે

ગાંધીનગર, તા. ૨૦
ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા હોદ્દેદારોની પસંદગીને લઈ સર્જાયેલી ભારે રસાકસીને પગલે મોડી સાંજે ચૂંટાયેલા સભ્યોની એક તાકીદની બેઠક ગાંધીનગર બોલાવવામાં આવી છે. જેમાં સભ્યો મતદાન કરી નેતાની પસંદગી અંગે તેમનો નિર્ણય મોવડીમંડળને જણાવશે.

ગઈકાલે પક્ષના ચૂંટાયેલા સભ્યોના મન જાણી ગયેલા નિરીક્ષકોનો અહેવાલ પ્રદેશ કક્ષાએ ચર્ચામાં આવ્યો ત્યારે ભારે ખેંચતાણ જોવા મળતાં પક્ષના ચૂંટાયેલા સભ્યોની બેઠક બોલાવી મતદાન કરાવી અને નેતાના નામની ભલામણ સભ્યો કરે તેવો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળેલ છે.

પ્રદેશના આ નિર્ણયને પગલે તાબડતોબ સભ્યોને ગાંધીનગર પહોંચવા જણાવ્યુ હતુ અને ખાનગી સ્થળે આ મતદાનની પ્રક્રિયા હાથ ધરાશે તેમ જાણવા મળેલ છે. મતદાનની પ્રક્રિયા અને તાબડતોબ બેઠક બોલાવાયાની વાત કોંગ્રેસના આગેવાનો ખાનગીમાં કબુલી રહ્યા છે.

આજે જિલ્લા પંચાયતના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની માટે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ છે અને બપોરે ૨.૩૦ વાગ્યા સુધીની મુદત છે. જોકે કોંગ્રેસ પક્ષમાંથી આ માટે ઉમેદવારીપત્ર હજુ સુધી લઈ જવામાં પણ નહિ આવ્યાનું જાણવા મળેલ છે.

નવા પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ભારે ખેંચતાણ સર્જાવા પામી છે. નિરીક્ષકોએ ગઈકાલે સભ્યોના મન જાણ્યા હતા. જોકે તીવ્ર સ્પર્ધાના સંકેતો તેમને આપ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં સતત ચોથી ટર્મ કોંગ્રેસ પક્ષે વિજયી બની અને સત્તાના સૂત્રો સંભાળ્યા છે. ગાંધીનગર, કલોલ અને માણસામાં હોદ્દા માટેની તીવ્ર રસાકસી ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

મોડી રાત્રે મળેલા નિર્દેશ મુજબ પ્રમુખપદ ગાંધીનગરને અને ઉપપ્રમુખપદ કલોલને તથા કારોબારી સમિતિમાં માણસાને અગ્રતા અપાશે. જોકે હાલ તો પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગીનો મામલો જ છે. સમિતિઓની રચના એકાદ મહીના પછી કરાશે.

ગાંધીનગર જિલ્લામાં નવા હોદ્દેદારોની નિયુક્તીના મામલે પેચીદો બનેલો પ્રશ્ન પ્રદેશ નેતાગીરી કઈ રીતે ઉકેલે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

# ઠંડીના મામલે નલીયા બાદ બીજા ક્રમે ગાંધીનગર

ગાંધીનગર, તા. ૨૦
આજે નોંધાયેલા લઘુતમ તાપમાનમાં નલિયામાં ૫.૬ ડિગ્રી જ્યારે ગાંધીનગરમાં ૭.૫ ડિગ્રી રહ્યું હતું. ત્યારે બાદ રાજ્યના અન્ય શહેરોમાં લઘુતમ તાપમાન નોંધાયું હતું.

છેલ્લા કેટલાક વર્ષોના શિયાળા દરમ્યાનના લઘુત્તમ તાપમાનના આંકડાઓ પર નજર કરીએ તો ઠંડીના મામલે ગુજરાતમાં નલીયા પછી બીજા-ત્રીજા ક્રમે ગાંધીનગર રહે છે. પ્રદૂષણની સાવ ઓછી માત્રાની સાથે જ હરીયાળુ ખુલ્લુ વાતાવરણ શહેરનું લઘુત્તમ તામાન ખુબ નીચુ લઈ જાય છે.

ગાંધીનગરનો શિયાળો ખુબ આકરો હોય છે. છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન નોંધાયેલા લઘુત્તમ તાપમાનનો અભ્યાસ કરીએ તો જાણવા મળશે કે ઠંડીના મામલે નલીયા પછી ગાંધીનગર હંમેશા બીજા-ત્રીજા ક્રમે રહે છે. અગાઉ નલીયા અને ડીસામાં રેકોર્ડ બ્રેક ઠંડી નોંધાતી હતી. હવે આ લીસ્ટમાં ગાંધીનગરને સામેલ કરવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં પ્રદૂષણની માત્રા ખુબ ઓછી છે. વળી વૃક્ષોની વધુ સંખ્યા ઠંડીને વધુ ઘેરી બનાવે છે. હાઈરાઈઝ બિલ્ડીંગોના અભાવે ઠંડો પવન સમગ્ર શહેરમાં ફરી વળે છે. જેના કારણે લઘુત્તમ તાપમાન ક્યારેક ૫ થી ૬ ડિગ્રી સુધી નીચુ જતુ રહે છે.



પ્રદર્શન પ્રારંભ - સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય તેજેન્દ્રપ્રસાદજીના વરદ હસ્તે સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય પ્રદર્શનનો મંગલ પ્રારંભ કર્યો હતો... બદ્રીનાથની ઝાંખી કરાવતું ભવ્ય પ્રદર્શન આજથી હરિભક્તો માટે ખુલ્લુ રહેશે... સાત દિવસના ધાર્મિક કાર્યક્રમોમાં આધ્યામિક પ્રવચનો, નૃત્ય નાટિકા અને સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસને આવરી લેતા રંગારંગ કાર્યક્રમો યોજાશે... પૂજ્ય હરિકેશવદાસજીના પુસ્તકનું વિમોચન પણ આ પ્રસંગે કરાયું હતું....

# નબળુ પરિણામ ધરાવતી ચોવીસ શાળાઓના શિક્ષણના સ્તરમાં સુધારો

## જિલ્લા શિક્ષણ તંત્રની રીવ્યુ બેઠકમાં વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયો હોવાનુ તારણ શિક્ષકો મહેનત કરે છે : શિક્ષણાધિકારી

ગાંધીનગર તા ૨૦
ધોરણ -૧૦માં બોર્ડની પરિક્ષામાં નબળુ પરિણામ ધરાવતી જિલ્લાની ૨૪ શાળાઓમાં વિદ્યાર્થીઓના પરિણામમાં સુધાર આવ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આ મામલે શાળાના આચાર્યોની રીવ્યુ બેઠક યોજવામાં આવી હતી. જેમાં આ શાળાના શિક્ષકો તેમજ આચાર્યોને ઉભા કરી પરિણામ સુધારણાની કામગીરી અંગે પૃચ્છા કરવામાં આવી હતી. જેના અંતે પ્રથમ વાર્ષિક કસોટીના અંતે પરિણામની ટકાવારી વધી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હોવાનુ શિક્ષણ તંત્રના સુત્રોએ જણાંવ્યુ છે.

ગત બોર્ડની પરિક્ષાના અંતે ધોરણ- ૧૦માં જિલ્લાની ૨૪ જેટલી શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચુ આવ્યુ હોવાનુ ધ્યાને આવતા જિલ્લા શિક્ષણ તંત્રમાં ચિંતા પેઠી હતી. જયારે પાટનગરમાં જ શિક્ષણના મામલે દિવા તળે અંધારૂ હોવાની સ્થિતિ સર્જાઇ હોવાથી સરકાર માટે પણ નબળુ પરિણામ ચિંતનનો વિષય બની ગયો હતો. જેના અંતે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા નબળા પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામ સુધારવા માટે શિક્ષકોની કસોટી લઇ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં શાળામાં વધારાના વર્ગો શરૂ કરવાની સાથે વિકલી ટેસ્ટ લેવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે પરિણામ સુધારણાની કામગીરી અન્વયે શિક્ષણ તંત્ર દ્વારા કામગીરીની સમીક્ષા માટે પણ ટીમ બનાવી શાળાઓમાં રાઉન્ડ લેવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. ગઈકાલે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા નબળી શાળાના શિક્ષકો તેમજ આચાર્યો સાથે બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાઅધિકારીની હાજરીમાં શિક્ષકોને પરિણામ સુધારણાની કામગીરી ના મામલે શુ પગલા લીધા તેમજ તેની વિદ્યાર્થીઓના શિક્ષણ પર શુ અસર થઇ તે અંગે પણ રિવ્યુ લેવામાં આવ્યા હતા. જેના અંતે નબળા પરિણામ ધરાવતી શાળાઓમાં પ્રથમ કસોટીના અંતે શાળાના પરિણામમાં સુધાર આવ્યો હોવાનુ તારણ બહાર આવ્યુ હતુ. શિક્ષકો પરિણામ સુધારવા માટે મહેનત કરતા હોવાનુ પણ ધ્યાને આવતા આગામી બોર્ડ કસોટીના પરિણામમાં પણ સુધાર જોવા મળશે તેવી આશા પણ સેવાઇ રહી છે.

# જિલ્લામાં વિક્રમ સર્જક રવિ વાવેતરના સંકેત

## ગત વર્ષ કરતાં ત્રણ હજાર હેક્ટરમાં વાવેતર વધવાની શક્યતા ઠંડીનો માહોલ જામતાં ખેડૂતો વાવણીમાં મશગૂલ

ગાંધીનગર, તા. ૨૦
ગાંધીનગર જિલ્લામાં ઠંડીના જામેલા માહોલને પગલે રવિ સીઝનનું વાવેતર વિક્રમસર્જક ૬૫ હજાર હેક્ટર પાર કરી જશે તેમ જાણકારોનું માનવું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૭ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે તે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં માગસર માસના આરંભથી શરૂ થયેલ ઠંડીનો માહોલ રવિ સીઝનના વાવેતર માટે વધુ ને વધુ સાનુકૂળ બની રહેલ હોવાથી ખેડૂતો દ્વારા વાવણીનું કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ખેડૂતો ઠંડીનો માહોલ જોઈ ઘઉંનું વાવેતર સારૂ કરી રહ્યા છે. હાલ મળતી વિગતો મુજબ જિલ્લામાં ઘઉંના પાકનું વાવેતર ૨૫ હજાર હેક્ટરને પાર કરી ગયું છે. અને આ આં ગત વર્ષની બરોબરી કરે તેવી સંભાવનાઓ છે. અગાઉ ઠંડી ન હોવાથી ઘઉંનું વાવેતર ઘટશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં બટાટાનું વાવેતર પણ ગત વર્ષ જેટલુ જ થશે તેમ મનાઈ રહ્યું છે. હાલ જિલ્લામાં ૬૧૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે. આ ઉપરાંત લીલા શાકભાજીના પાકોનું વાવેતર પણ ૫૭૦૦ હેક્ટર જેટલુ નોંધાયું છે.

જિલ્લામાં તમાકુનુ વાવેતર ૩૫૮૩ હેક્ટર તેમજ રાઈના પાકનું ૧૧૦૫ હેક્ટર, ફેરરોપણીમાં વરિયાળીના પાકનું ૧૩૫૧ હેક્ટર ઉપરાંત જીરૂ, ચણા, ઈસબગુલ, મકાઈ અને અન્ય ધાન્યનું પણ વાવેતર જિલ્લામાં થવા પામ્યું છે.

ઘાસચારાના પાકોનું વાવેતર પણ ૧૪ હજાર હેક્ટર વિસ્તારમાં થવા પામ્યુ છે. જિલ્લામાં હજુ એક-બે સપ્તાહ વાવણીની કામગીરી ચાલશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં ઠંડીના જામતા માહોલે ખેડૂતોમાં નવી આશાનો સંચાર કર્યો છે અને આ વખતે ૬૫ હજાર હેક્ટર વિસ્તારથી પણ વાવેતર વિસ્તાર વધે તેવી શક્યતાઓ છે.

જિલ્લામાં ગત વર્ષે ૬૨ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ હતુ તે ઉલ્લેખનીય છે. ખેડૂત આગેવાનો આ વખતે વધુ વાવેતર થશે તેવો વિશ્વાસ ધરાવે છે. જિલ્લામાં ઘઉ અને બટાટાનો પાક મુખ્ય પાક ગણાય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ની
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com